Commissionerate of Technical Education, Gujarat State
કમિશનરશ્રી, ટેક્નીકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજય

બીજે માળે, બ્લોક નં. ૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર–૩૮૨ ૦૧૦.
☎ : (079) 232 53546
URL : http://dte.gswan.gov.in
E-MAIL : dteguj@yahoo.co.in, dire-dte@gujarat.gov.in

2nd Floor, Block No. 2, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar – 382 010.
FAX : (079) 232 53539
GRAM : EDUTECH(N)

ક્રમાંક:સીટીઇ/રીસર્ચ પ્રોજેક્ટસ ૨૦૧૦/૦૨/ ૧૯૨૨૭

તા: ૦૭ – ૦૬ – ૨૦૧૧

14 JUN 2011

પ્રતિ

આચાર્યશ્રી

સરકારી ઇજનેરી કોલેજ,

રાજકોટ

વિષય: ડૉ. સી.એચ. વીઠલાણી, સહ પ્રાધ્યાપક – ઇ.સી ને રિસર્ચ ફેલોશીપ એવાર્ડ વર્ષ – ૨૦૧૦ આપવા બાબત.

માનનિયશ્રી

શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: ટીઇએમ/૧૦૨૦૧૦ / ૨૧૪(૬)/સ, તા: ૧૯ – ૦૭ – ૨૦૧૦ ના ઠરાવ અન્વયે રાજ્યની સરકારી ઇજનેરી કોલેજો અને સરકારી પોલીટેકનીક ખાતે સંશોધન પુરસ્કાર પ્રદાન કરવાની વહીવટી મંજુરી મળેલ છે. આ અંગે કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરીના ઠરાવ ક્રમાંક: ડીટીઇ / રિસર્ચ/ પ્રોજેક્ટ/૨૦૧૦-૧૦/ડી-૧/૩૦૯૩૭ તા: ૪ ઓગસ્ટ ૨૦૧૦ થી રિસર્ચ એવાર્ડ માટેની દરખાસ્તો પ્રત્યેક સરકારી કોલેજોમાંથી મંગાવવામાં આવેલ હતી. આ દરખાસ્તો એક્ષપર્ટ કમીટી ને ભલામણ માટે મોકલી આપેલ. જેમાંથી ડૉ. સી.એચ. વીઠલાણી, સહ પ્રાધ્યાપક – ઇ.સી, સરકારી ઇજનેરી કોલેજ, રાજકોટની રિસર્ચ માટેની દરખાસ્ત ને રિસર્ચ ફેલોશીપ એવાર્ડ પેટે કુલ રૂપિયા ૯,૯૬,૨૦૦ (અંકે રૂપિયા નવ લાખ છન્નુ હજાર બસો પુરા) નીચે જણાવેલ શરતોને આધીન મંજુર કરવામાં આવે છે. આ ખર્ચ અંદાજપત્રના માંગણી ક્રમાંક: ૦૦૯, મુખ્ય સદર: ૨૨૦૩ – તકનિકી શિક્ષણ, ગૌણ સદર: ૧૧૨ – ઇજ્નેરી / તકનિકી કોલેજો અને સંસ્થાઓ, પેટા સદર: ૦૧ – ટીઇડી – ૫ – સરકારી ઇજ્નેરીકોલેજોનો વિકાસ હેઠળ ઉધારવાનો અને ચાલુ વર્ષે મંજુર રહેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

CHW
[illegible]
૨૦.૬.૨૦૧૧

(૧) રિસર્ચ ફેલોશીપ એવાર્ડના પ્રથમ વર્ષ પેટે આપની દરખાસ્ત અનુસાર કુલ રૂપિયા ૫,૯૫,૬૦૦ (અંકે રૂપિયા પાંચ લાખ પંચાણુ હજાર છ સો પુરા) ની રિસર્ચ ગ્રાન્ટ મંજુર કરવામાં આવે છે.

(૨) પ્રથમ વર્ષ (૧૨ મહિના) પુર્ણ થયે પ્રોગ્રેસ રિપોર્ટ નિયત નમુનામાં ખર્ચના ઓડીટ કરેલ વિગતો સાથે અને આચાર્યશ્રી ની ભલામણ સાથે જમા કરાવવાનો રહેશે. આ રિપોર્ટ એક્ષપર્ટની ભલામણ માટે

GOVT. ENGG. COLLEGE,
Inward No 542
Date 20/06/2011
RAJKOT – 360 001.

મોકલી આપવામાં આવશે. જો રિપોર્ટ સંતોષકારક જણાશે તો જ બીજા વર્ષ ની ગ્રાન્ટ મંજુર કરી આપવામાં આવશે. જો સંતોષકારક નહી જણાયતો રિસર્ચ ફેલોશીપ એવાર્ડ પુર્ણ ગણવામાં આવશે.

(૩) રિચર્ચ ફેલો ની નિમણુંક માટે રિચર્ચ ફેલો પાસે ઇજનેરી/ટેકનોલોજી/સાયંસ વિષયોમાં ૬૦% પરિણામ સાથેની પોસ્ટ ગ્રેજ્યુએટ ની ડીગ્રી હોવી ફરજીયાત છે. તેઓની નિમણુંક સંસ્થા કક્ષાએ પસંદગી સમિતી ધ્વારા કરવાની રહેશે.

(૪) નોન – રિકરીંગ ખર્ચ હેઠળ ખરીદેલ સાધનો, પ્રોજેક્ટ પુરો થયેથી જે તે સમયની સંસ્થાના જે તે વિભાગના રજીસ્ટર માં નોંધ કરી સોંપી દેવાના રહેશે.

(૫) રિકરીંગ ખર્ચ ની પ્રત્યેક ખરીદી સંસ્થાના વડાની મંજુરીથી નિયમોનુસાર કરવાની રહેશે.

(૬) સંસ્થાના વડાની મંજુરીથી આ પ્રોજેક્ટ હેઠળ દેશમાં કોંફરંસમાં ભાગ લેવા અથવા ઇન્ડસ્ટ્રી ની મુલાકાત માટે પ્રવાસ કરવા માટે ખર્ચની મંજુરી આપવામાં આવે છે. વિદેશ પ્રવાસ અથવા ઇન્ટરનેશનલ કોન્ફરન્સ પેટેનો ખર્ચ માટે કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરીની પૂર્વ મંજુરી લેવાની રહેશે.

(૭) પ્રોજેક્ટની સમાપ્તી પછી ત્રણ માસમાં નિયત નમુનામાં યુટીલાઇઝેશન સર્ટીફીકેટ અને પ્રોજેક્ટ રિપોર્ટ વડી કચેરી ખાતે જમા કરાવવાનો રહેશે.

સંયુક્ત નિયામકશ્રી

નકલ સાદર રવાના:

અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ૭મો માળ, બ્લોક નં – ૫, સરદાર પટેલ ભવન, ગાંધીનગર

નકલ રવાના:

૧. ડૉ. સી.એચ. વીઠલાણી, સહ પ્રાધ્યાપક – ઇ.સી, સરકારી ઇજનેરી કોલેજ, રાજકોટ. (આચાર્યશ્રી મારફત).
૨ એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
૩ પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
૪ નાણા સલાહકારશ્રી (શિક્ષણ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૫ નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૬ સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
૭ નાયબ સેક્શન અધિકારી, સીલેક્ટ ફાઇલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૮ આ કચેરીની ઘ – શાખા (મહેકમ) / છ – શાખા (આયોજન) ને જાણ તથા યોગ્ય કાર્યવાહી સારૂ.